# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૫ • અંક ૧૩ • સળંગ અંક ૫૯ • મુંબઈ • ઑક્ટોબર, ૨૦૧૧ • પાના ૨૦ • છૂટક નકલ રૂા. ૨/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...

### ૯૮મી વાર્ષિક સામાન્ય સભા : તા. ૧૬-૧૦-૨૦૧૧

### પ્રમુખ શ્રી દિનેશ રસિકલાલ શાહનું સભાસદો જોગ ઉદ્‌બોધન

**સ્નેહી સ્વજન,**

આપ મહાનુભાવોને આજની આ ૯૮મી વાર્ષિક સામાન્ય સભામાં આવકારતાં હર્ષની લાગણી અનુભવું છું.

**સને ૨૦૧૦-૧૧ મંડળની અભૂતપૂર્વ પ્રગતિનું ૯૮મું વર્ષ :**

માનવીએ સમાજ રચ્યો છે, જે સુખમાં સહભાગી બને છે અને દુ:ખમાં આંસુ લૂંછે છે. એકમેકના સાથ અને સહકારથી સૌ કોઈની પ્રગતિ થાય છે. અને જીવન જીવવાનું પ્રયોજન પર્યાપ્ત માત્રામાં આપોઆપ પ્રજ્વલિત થાય છે. આવો એક અભિનવ સમાજ એટલે એટલે શ્રી પાટણ જૈન મંડળ. આવા આપણા મંડળે નીચે આપેલ 'તથ્ય તરફ એક દ્રષ્ટિ'માં દર્શાવેલ તેના પાંચ વર્ષના વિકાસના આંકડાઓ અનુસાર મંડળે છેલ્લા બે વર્ષમાં તેના આગલા વર્ષો કરતાં ઘણી સારી પ્રગતિ કરી છે. યોગ્ય વાતાવરણ નિર્માય તો આથી અનેકગણી વધારે પ્રગતિ કરવા આપણું મંડળ સક્ષમ છે.

**તથ્ય તરફ એક દ્રષ્ટિ** (અંદાજે રૂા. કરોડમાં)

| | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
|---|---|---|---|---|---|
| **મંડળનું ભંડોળ :** | | | | | |
| કોરપસ, અંકિત અને અન્ય ફંડ | ૮.૩૪ | ૮.૯૭ | ૯.૬૬ | ૧૦.૮૪ | ૧૨.૧૩ |
| **મંડળના હેતુ માટેનો ખર્ચ:** | | | | | |
| શિક્ષણ, દવા, આર્થિક સહાય વિકલાંગ ઉત્કર્ષનો કુલ ખર્ચ | ૦.૬૮ | ૦.૬૮ | ૦.૭૮ | ૧.૦૭ | ૧.૨૮ |

સમાજમાંથી મળતા દાનના સ્ત્રોત સાથે સંસ્થાએ સહાયનો સ્ત્રોત પણ ક્રમશઃ વધાર્યો છે. શિક્ષમ, મેડીકલ, આર્થિક સહાય તેમજ વિકલાંગ સહાયમાં સંસ્થાએ લગભગ ૩૦ ટકાનો વધારો કરી સમાજની જરૂરિયાતોમાં વધુ ને વધુ સહાયભુત થવા પ્રયત્ન કરેલ છે. ગત વર્ષ દરમ્યાન તેના આગલા વર્ષ કરતા સહાય માટે રૂપિયા ૨૧ લાખ વધુ ખર્ચ્યા બાદ મંડળના ભંડોળમાં રૂા. ૧.૨૯ કરોડનો વધારો થયો છે. તદ્‌ઉપરાંત વર્ષ દરમ્યાન મંડળને વારસદાર બનાવતા વિલ દ્વારા રૂા. ૮ કરોડ મેમોરીયલ ફંડ અંતર્ગત મળશે. જેની આવશ્યક કાયદાકીય ગતિવિધિ પરિપૂર્ણ થઈ ચૂકી છે. તેમજ લેન્ડ એન્ડ બિલ્ડીંગ ફંડમાં રૂા. ૨ કરોડ મુંબઈ કે તેના પરામાં કોમ્યુનિટી હૉલ ઉભો કરવા માટે મળશે. વધુમાં મંડળની વિવિધ યોજનાઓમાં પ્રેરક દાતાઓ અને સહયોગી દાતાઓ દ્વારા કોરપસ ફંડમાં નોંધાવાયેલ અંદાજે રૂા. ૭૪ લાખ હજુ આવવાના બાકી છે. તેમજ ચાલુ વર્ષમાં ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૧ સુધી ગયા વર્ષ કરતાં, મંડળના ભંડોળમાં રૂા. ૪૭ લાખનો વધારો થયો છે.

સુશિક્ષિત કેળવણીબદ્ધ સમાજ જ સાધન સંપન્ન બની શકે છે તે માટે સમય સાથે કદમથી કદ મિલાવી, વિકાસ માટે નીતનવા આયોજનો ગોઠવી સમાજ વિકાસ ફંડ, રિવોલ્વીંગ ફંડ (ઉચ્ચ શિક્ષણ માટે વગર વ્યાજે લોન), મેમોરીયલ ફંડ (મંડળ તમારૂં એક વારસદાર), લેન્ડ એન્ડ બિલ્ડીંગ ફંડ, દ્વારા દાનના નીત નવા સ્ત્રોત ઉભા કરી, મંડળની પ્રવૃત્તિ અને વિચારધારાને નવો વળાંક આપી છેલ્લા બે વર્ષમાં દાતાઓમાં ઉપર દર્શાવેલ વિવિધ ફંડની પત્રિકાઓ અને પ્રતિબિંબમાં લેખો દ્વારા જાગૃતિ લાવી પ્રગતિની હરણફાળ દ્વારા ચોતરફ સંસ્થાના વિકાસની ક્ષિતિજો વિસ્તારી છે.

**સને ૨૦૧૪ સુધીમાં મંડળનું ભંડોળ રૂા. ૨૫ કરોડ કરવા બાબત :**

સને ૨૦૦૯ માં આપણું સ્વપ્નું હતું કે, શતાબ્દીની આરે ઉભેલી આપણી મંડળનું ભંડોળ હવે પછીના ૫ વર્ષમાં એટલે કે સને ૨૦૧૪ સુધીમાં રૂા. ૨૫ કરોડ હોવું જોઈએ. આ સ્વપ્ન સાકાર કરવા આપણે સૌએ એક થઈ, સંપ અને સુમેળનું વાતાવરણ નિર્માણ કરી, નવા કાર્યકર્તાઓ તેમજ દાતાઓને મંડળ તરફ આકર્ષી આવતા શતાબ્દિ વર્ષ દરમ્યાન પ્રત્યેક પટણીએ જાગૃત થઈ મંડળ દ્વારા થતા ઉત્કૃષ્ટ કાર્યો, મંડળની ઉમદા પારદર્શક પ્રણાલિકા અને ગતિવિધિને ખેલદિલી પૂર્વક સમયના બદલાતા સમીકરણો સાથે મંડળના સાચા સ્વરૂપને ઓળખવા પડશે. તો જ આપણે `Dream impossible' ને `Dream shall come true' પુરવાર કરી શકીશું.

**મંડળની બીજી સદીમાં સમાજની આવશ્યકતા અંગે :**

આજની કમરતોડ મોંઘવારીને કારણે મુંબઈમાં જીવનની પ્રત્યેક ક્ષણ સંઘર્ષમય બની ગઈ છે. શિક્ષણ ક્ષેત્રે શાળા તેમજ કૉલેજોમાં ડોનેશન વિના એડમીશન નહીં, તબીબી ક્ષેત્રે અતિશય મોંઘી દવા અને માવજત, સામાજીક અને સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રસંગોપાત રહેઠાણ, સભાગૃહ અને અતિથિગૃહ જેવી જરૂરિયાતોમાં સતત વિકટ પરિસ્થિતિ નિર્માયેલ છે. સમાજની આ જરૂરિયાતોને ઓળખા, મુંબઈના પરામાં આપણો કોમ્યુનિટી હૉલ, અતિથિગૃહ, શાળા, કૉલેજ, હૉસ્પિટલ વગેરે અસ્કયામતો મંડળની બીજી સદીમાં નિર્માણ કરવા કટિબદ્ધ થઈ લાંબા ગાળાના આયોજન કરી અમલમાં મૂકવાના પ્રયત્નો આદરવા જોઈએ.

**મુંબઈના પરામાં ગોઠવેલ પ્રથમ વાર્ષિક સામાન્ય સભા વિશે :**

ઉક્ત ભગીરથ કાર્યોને વેગ મળે તે માટે જ્યારે સમાજના ૭૦ ટકા લોકો પરામાં વસે છે, ત્યારે પરાના વધુ કારયકર્તાઓ અને દાતાઓને મંડળની પ્રવૃત્તિઓમાં જોડી શકાય તેવા શુભ આશયથી આજની આ વાર્ષિક સામાન્ય સભા મુંબઈના પરામાં વિલેપાર્લે (પૂર્વ) ખાતે મંડળના ઈતિહાસમાં પ્રથમ વખત આયોજીત કરવામાં આવી છે. આજની આ સભાની સફળતાથી પ્રેરાઈને ભવિષ્યમાં સામાન્ય સમિતિની તેમજ વ્યવસ્થાપક સમિતિની સભાઓ પણ પરામાં આયોજીત કરવાનું વિચારી શકાશે. આપણે નિર્ધારેલ પ્રગતિ સાધવી હશે તો પ્રવૃત્તિના સ્થાનમાં આવા પરિવર્તન જરૂરી જ નહિ આવશ્યક બની રહેશે.

**શતાબ્દી ઉજવણી અને તેના સ્પોન્સર્સ બાબત :**

તા. ૧૬-૧૨-૨૦૧૧ ને ગુરૂવારના રોજ આપણી સંસ્થા શ્રી પાટણ જૈન મંડળ સ્થાપનાના ૧૦૦ માં વર્ષમાં પ્રવેશ કરશે. આ પ્રસંગની ઉજવણી માટેનો કાર્યક્રમ વિચારણા હેઠળ છે. શતાબ્દી વર્ષ નિમિત્તે સને ૨૦૧૨ નું કેલેન્ડર બહાર પાડવાનું તેમજ તોરણ અને સ્ટીકર બનાવવાનું નક્કી કર્યું છે. તે સાથે તા. ૧૪-૦૨-૨૦૧૨ ને મંગળવારના રોજ પાટણના સ્થાપના દિનની પાટણ ખાતેની વાર્ષિક ઉજવણી નિમિત્તે આ કાર્યક્રમમાં મંડળે પણ સહભાગી થવાનું વિચારેલ છે.

ઉપરોક્ત કાર્યક્રમોના ખર્ચને પહોંચી વળવા રૂા. ૧૫,૦૦૦/- વાળા ૪૦ થી ૫૦ સ્પોન્સર્સના નામ નોંધવા શરૂ કર્યા છે. તા. ૧૫-૧૧-૨૦૧૧ સુધી નોંધાયેલા નામો સને ૨૦૧૨ ના કેલેન્ડરમાં તેમજ નવેમ્બરના પ્રતિબિંબમાં પ્રકાશિત કરાશે. તા. ૨૦-૧૦-૨૦૧૧ સુધી નોંધાયેલ નામો ઑક્ટોબરના પ્રતિબિંબમાં પણ પ્રકાશિત કરવામાં આવશે. આપ સૌ મહાનુભાવોને ખાસ વિનંતી કે શતાબ્દી ઉજવણીના એક સ્પોન્સર્સ તરીકે આપનું નામ વહેલી તકે મંડળની ઑફિસમાં કે આજની સભામાં નોંધાવશો.

**ૠણ સ્વીકાર :**

માની મમતા સમાન માતૃસંસ્થા પ્રત્યેની ૠણ અદાયગી અંગે સતત સજાગ સમાજના દીર્ઘદૃષ્ટા અને સંનિષ્ઠ સર્વ દાતા વર્ગની સંસ્થા ૠણી છે.

**અભિનંદન અને ધન્યવાદ :**

તન-મન-ધનથી સેવા આપનાર દાતાઓ અને કાર્યકર્તાઓ આપણને મળતા રહ્યા છે. કાર્યકરોનો વિશાળ અને ઉત્સાહી સમુહ પોતાને ફાળે આવેલ જવાબદારીઓ પરિપૂર્ણ કરવા જે ઉત્સાહભેર કાર્ય કરતા રહે છે, તે ખરેખર ખૂબ જ પ્રશંસનીય છે. આ ઉપરાંત કાર્યક્રમોના આયોજનોને આખરી ઓપ આપી સફળ બનાવવાના અભિયાનમાં મંડળના કર્મચારીઓ ઓતપ્રોત થી, ઉમંગથી કાર્યો પાર પાડે છે. કર્મચારીઓના કર્ણધાર મંડળના મેનેજર શ્રી મનુભાઈ જોશી, શ્રી જ્ઞાનેશભાઈની આગેવાની હેઠળ કર્મચારી ગણને જેટલા ધ્યવાદ આપીએ તેટલા ઓછા છે.

**અભ્યર્થના :**

આજે મંડળ અને સમાજ યુગ પરિવર્તનને આરે ઉભા છે, જેના સાક્ષી બનવાની આપણને તક મળી છે તે માટે આપણે સૌ ભાગ્યશાળી છીએ. સમાજ અને મંડળના ભવિષ્યને ફરજના તાણાવાણાથી વણી પ્રતિકાત્મક રીતે ઉજાસભર્યું બનાવવા તથા નીતનવા સીમાચિન્હો પ્રસ્થાપિત કરવા આવો આપણે સૌ પ્રતિબદ્ધ બનીએ. આપણી પાસે સામર્થ્ય અને કૌશલ્ય છે, સત્યનિષ્ઠ અને કાર્યક્ષમ કાર્યકર્તાઓનું સંઘબળ છે, દાનગંગાનો અવિરત પ્રવાહ છે, તો આવો મિત્રો આપણે સૌ એક થઈ, અંગત સ્વાર્થ અને અહમના ટકરાવને તિલાંજલિ આપી મંડળની બીજી સદીમાં સમાજ વિકાસ કરવાની આપણને મળેલી આ તક ફળીભૂત કરીએ એજ અભ્યર્થના.

લિ.

**દિનેશ રસિકલાલ શાહ**

**પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**

## સાલમુબારક

*અનંત લબ્ધિ નિધાન શ્રી ગૌતમ સ્વામીના*
*કેવળજ્ઞાનથી શરૂ થતી નૂતન વરસની નવલી ઉષાએ*

કરૂણાનિધાન પ્રભુ મહાવીરના ચરણે પ્રાર્થના કરીએ કે, હામ, હિમ્મત ને શ્રધ્ધાના સદા વિકસિત પ્રેમ પુષ્પોથી હૃદયની છાબ ભરી લઈએ તથા ગુરૂ ગૌતમ સ્વામી સ્વયં ચાર જ્ઞાનના માલિક પચાસ હજાર કેવળીના ગુરૂ, દ્વાદસાંગીના સ્વયં રચયિતા અને પ્રભુ મહાવીરના પ્રથમ ગણધર હોવા છતાં તે પૂજ્યશ્રીમાં સરળતા, નિર્દોષતા, સમર્પિતતા આ ત્રણે ગુણ ગજબકોટીના હતા. તે ગુણોની ગુરૂ ગૌતમ પાસે માંગણી કરીએ કેમ કે આ ત્રણ પુષ્પો હશે તો જ આપણું જીવન પ્રેમ પુષ્પોથી સુવાસિત નંદનવન સમ બની રહેશે.

વિક્રમ સંવત ૨૦૬૮ થી શરૂ થતું નૂતન વર્ષ આપ સૌને તમામ પ્રકારની સુખ શાંતિ અને અભ્યંતર બાહ્ય પ્રગતિને પ્રદાન કરી આત્મ કલ્યાણ કરનારૂં બની રહે એવી અભ્યર્થના સાથે....

**નૂતન વર્ષાભિનંદન.**

**❑ શ્રી પાટણ જૈન મંડળ**

## સંપાદકીય...

# સ્વાગત છે નૂતન વર્ષનું વિક્રમ સંવત ૨૦૬૮

ચરમ તીર્થંકર શાસનપતિ ભગવાન મહાવીર સ્વામી જેઓના નિર્વાણ કલ્યાણકના આ પવિત્ર દિવસો છે. પરમાત્મા વીતરાગતાના ઉપવનની અંદર સ્વરૂપના સિંહાસન ઉપર સ્થિત છે. કૈવલ્યના પ્રકાશથી સારા છે. વિશ્વને પ્રકાશિત કરી રહ્યા છે. આ દિવસોમાં એક બાજુ ભગવાનના નિર્વાણનો મહોત્સવ ઉજવાય છે તો બીજી બાજુ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનનો ઉત્સવ ઉજવાય છે. આનું નામ છે દીપાવલી....

પાંચ પર્વનો આ ઉત્સવ સત્ય, પ્રકાશ અને અમૃતનું આરાધના પર્વ છે ધનતેરશ, કાળી ચૌદસ, દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજ. આ દિવસો દિવ્ય અનુભૂતિ કરાવનારાં છે. નૂતન વર્ષનું આજે સ્વાગત કરવાનું છે. સમયદેવ ફરી લઈને આવ્યા છે. નૂતન વર્ષ-વિક્રમ સંવત ૨૦૬૮. જે નવલું પ્રભાત, નવો આનંદ, ઉમંગ, ઉત્સાહ અને ઉલ્લાસ લઈને આવી રહ્યું છે. નવાં સૂર્યોદયના કિરણો દ્વારા સૃષ્ટિના સર્જનહારે એક S.M.S. લખી મોકલ્યો છે. 'હે માનવ ! પ્રેમ, શ્રદ્ધા, કરૂણા, શાંતિ અને સુખ ફેલાવવા માટે મેં તને મોકલ્યો છે. મારો અંશ બનીને ત્યાં ગયેલો તું આ કામ કરી રહ્યો છે કે નહિ ? Give me Reply' જોઈ લો ! પ્રિય મિત્રો, તમારા મોબાઈલમાં મોકલી આપો જવાબ...

જેની યાદમાં વિક્રમ સંવત શરૂ થાય છે તે પરદુઃખભંજન રાજા વિક્રમાદિત્યએ સર્જનહારના આ સંદેશાનો નખશીખ અમલ કર્યો હતો અને તેથી જ આ નૂતન વર્ષે પરમાત્મા મહાવીર સાથે ગૌતમ સ્વામી અને વિક્રમ રાજાનું સ્મરણ થાય છે. જેમની શીળી છાયામાં આપણે સૌ રહીએ છીએ. ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણથી વીર સંવતની શરૂઆત થઈ. આજે વીરસંવત ૨૫૩૭ છે. વિક્રમ સંવત ૨૦૬૭ ચાલી રહ્યું છે. બંને વચ્ચે ૪૭૦ વર્ષનો તફાવત છે.

ધર્મપ્રેમી, સત્યપ્રિય, સાત્ત્વિક મનોવૃત્તિવાળા વિક્રમાદિત્ય રાજવી સત્તાના સિંહાસન પર બેસીને જ નહિ પરંતુ પ્રજાના દિલમાં બેસીને રાજ્ય કરતા હતા. એક વખત રાત્રે રાજાને સ્વપ્ન આવ્યું. તેજસ્વી પ્રકાશ પાથરતાં લક્ષ્મીદેવી તેમની પાસે પધાર્યા. રાજાએ દેવીને કહ્યું, 'પધારો ! આપના આગમનનું શું પ્રયોજન છે ? તે જણાવો. ત્યારે લક્ષ્મીદેવીએ કહ્યું કે: 'હું તો આપની પાસેથી વિદાય લેવા આવી છું. રાજા કહે છે, 'જ્યારે આવ્યા ત્યારે કહીને નહોતા આવ્યા તો રજા લેવાની જરૂર નથી. ખુશીથી જઈ શકો છો.' લક્ષ્મી કહે છેઃ મારા ચાલ્યા જવાથી આપની બધી જાહોજલાલી, ઐશ્વર્ય જતું રહેશે. રાજાએ કહ્યું: 'ભલે ! આ મારું હતું જ નહિ. અને મારું કાંઈ થવાનું પણ નથી. મારી પાસે મારો આંતરવૈભવ છે. તેને કોઈ લૂંટી શકે તેમ નથી.' આ જવાબ સાંભળી લક્ષ્મીજી અદૃશ્ય થઈ ગયા. થોડી જ ક્ષણોમાં કીર્તિદેવી પધાર્યા. તે પણ રજા માંગવા લાગ્યા. મારી મોટી બહેન લક્ષ્મીજી ગયા તો હું પણ તેમના વગર નહી રહી શકું.' રાજા કહે; 'તમે પણ ખુશીથી પધારો.' કીર્તિદેવી કહેઃ 'યાદ રાખજો, મારાં જવાથી વિશ્વમાં તમારી નામના પણ વિલય થઈ જશે. તમને કોઈ ઓળખશે પણ નહિ.' રાજા કહેઃ 'માન મળે કે અપમાન મળે આ બધું તો ક્ષણિક છે. આવે ને જાય, મને તેનું કોઈ દુઃખ નથી.' કીર્તિદેવી પણ ગયા. ત્યારબાદ અક્કડ એવા સત્તાદેવી પધાર્યા તે કહેઃ 'મારી મોટી બે બહેનો ગઈ તો હું પણ જાઉં છું. અને મારા જવાથી તમારી બધી સત્તા ચાલી જશે.' રાજા કહે; 'કોઈ ચિંતા નથી. આ રાજ્યને હું મારું માનતો જ નથી હું તો ધર્મશાળામાં આવેલ એક પ્રવાસી છું. મારા ભાગે જે કામ આવ્યું તેને હું નિષ્ઠાથી કરતો હતો. માટે તમારે પણ જવું હોય તો જઈ શકો છો.' અને ગર્વભર્યા પગલે સત્તાદેવી પણ ચાલ્યા ગયા.

થોડી ક્ષણોમાં ત્યાં ત્રણ પુરૂષો આવ્યા. એ હતા સત્ય, ધર્મ અને ચારિત્ર ! આ બધું સ્વપ્નમાં જ ચાલી રહ્યું છે. તેઓએ રાજાને કહ્યુંઃ અમે ત્રણે ય પણ જવા માટે આવ્યા છીએ. અમે પણ તમારી પાસેથી વિદાય માગીએ છીએ.' વિક્રમરાજા સફાળા બેઠા થઈ ગયા. અહો ! આ તો મારાં આત્માનાં સાચા તત્ત્વો છે. એના વગર તો હું એક પળ પણ જીવી ના શકું. રાજા કહે છેઃ 'જો તમે જતાં હો તો હું પણ મારું જીવન પૂરું કરી દઉં.' જે જીવનમાં તમે ના હો તે જીવન મૃત્યુ સમાન છે. આમ, બોલતાં બાજુમાં જ પડેલી તલવાર ઉઠાવી ત્યારે ત્રણેય સૌમ્ય પુરુષો કહે છેઃ 'અરે રાજન્ ! થોભો ! આનંદથી જીવો. હવે અમે સદાય તમારી સાથે જ રહીશું.'

વિક્રમરાજા ખૂબ ખૂબ પ્રફુલ્લિત બની ગયા. ત્રણેય આકૃતિ અદૃશ્ય થઈ ગઈ. ત્યાં ફરી પાછી પેલી ત્રણેય દેવીઓ પાછી આવી. રાજાએ પૂછ્યુંઃ 'કેમ ફરીથી આવવાનું થયું ?' હવે અહીંથી જવું અશક્ય છે. જ્યાં ચરિત્ર, ધર્મ, અને સત્ય રહે છે ત્યાં જ અમારો વાસ છે.' કહે, 'તો ખુશીથી રહો, તમારું સ્વાગત છે.' અને ત્યારે જ રાજાની આંખ ખૂલી ગઈ.

આજે આપણે આ ત્રણ તત્ત્વો ચારિત્ર, ધર્મ, સત્યની ઉપેક્ષા કરીએ છીએ અને લક્ષ્મી, કીર્તિ, સત્તાની પ્રતિક્ષા અને તેને પ્રાપ્ત કરી લેવાની દોડધામમાં જીવન વ્યતીત કરીએ છીએ. આ બાબત વિચારવા જેવું ખરૂં ? જો આમ જ હોય તો ઈશ્વરનો S.M.S. નો Reply ક્યાંથી આપી શકીએ ?

વરસને અંતે આવે છે ધનતેરશ, જ્યારે વરસની શરૂઆતમાં આવે છે. જ્ઞાનપાંચમ.' જીવનમાં જ્ઞાનને જ મુખ્ય બનાવવું જોઈએ અને ધનને ગૌણ બનાવવું જોઈએ.'

જ્ઞાનપંચમી સુદ પક્ષમાં આવે છે. જેમ ચંદ્રની કળા દિવસે-દિવસે વૃદ્ધિ પામે છે તેમ જ્ઞાનની વૃદ્ધિ થતાં ગુણોની અને સુખોની વૃદ્ધિ થતી જશે. જ્યારે ધનતેરશ વદ પક્ષમાં આવે છે ત્યારે ચંદ્રની કળા દબાતી જાય છે. એટલે કે ધનથી ગુણોની હાની થાય છે. આપણાં તીર્થંકર પરમાત્મા, આપણા ગુરુજનો, સત્પુરુષો સૌને એક જ આશીર્વાદ આપે છે કેઃ-

***'નૂતન વર્ષ તણાં અભિનંદન, જીવન મંગલ માળ બને.'***
***શ્રી દેવ ગુરુવરના આશિષે, ધર્મમાં મન ઉજમાળ બને.'***

વિક્રમ સંવત ૨૦૬૮ ને આવકારતાં આપણી સૌની ભાવનામાં ભીનાશ આવે, ભાષામાં મીઠાશ આવે, અને સ્વભાવમાં સુવાસ પ્રગટે તો જીવન ઉજમાળ બને. આવનારાં નવાં વર્ષમાં શ્રી ગૌતમ સ્વામી, શાલીભદ્ર, અભયકુમાર, કયવન્ના શેઠ જેવા મહાપુરુષોને યાદ કરી દીપોત્સવી પર્વ ઉજવીએ.

***શ્રી પાટણ જૈન મંડળના સર્વે પરિવારજનોને સાલમુબારક.***

**☐ શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**
**☐ શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ** (ગુંદરવાલા)
**માનદમંત્રીઓ, સંપાદક સમિતિ**

# કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય

વિક્રમ સંવત ૨૦૬૬નું નવું વર્ષ શરૂ થયું. કારતક સુદ પૂનમ આવી અને આપણને સૌને કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય તથા શતાવધાની શ્રીમદ્ રાજચંદ્રની સ્મૃતિ થઈ આવ્યા રહે નહિ.

સં. ૧૧૪૫ ની કારતક સુદ ૧૫ના દિને ધંધુકામાં માતા પાહિનીદેવીના ઘરમાં આ પુત્રરત્નનો જન્મ થયો હતો. પૂ. દેવચંદ્રસૂરિજી મહારાજ ફરતા ફરતા ધંધુકામાં આવ્યા. તેમણે આ પ્રતિભાવન બાળકને જોયો અને તેના માતા-પિતાને સમજાવી પોતાને સોંપી દેવા માંગણી કરી. માતાએ પણ બાળકનું ઉજ્જવળ ભાવિ જાણી હરખાતા હૈયે સૂરિને સોંપી દીધો. આ બાળકનું નામ ચાંગદેવ હતું. અને દીક્ષા પછી તેનું નામ સોમદેવ રાખ્યું. થોડાં જ વખતમાં બધા શાસ્ત્રોનો અભ્યાસ કરી સોમદેવ સમર્થ વિદ્વાન થયા અને ગુરુદેવે તેમના યોગ્યતા જાણી તેમને આચાર્યપદ પ્રદાન કર્યું.

આ મહાન વિભૂતિને અનેક ઉપનામોથી નવાજવામાં આવ્યાં છે. તેઓ 'જ્ઞાનમહોદધિ' તરીકે પણ જાણીતા બન્યા હતા. પૂણ્યવિજયજી મહારાજે તેમને 'સ્યાદ્‌વાદ વિજ્ઞાન મૂર્તિ' કહયા છે. તેઓને સંસ્કાર નેતા, સાહિત્ય યુગસર્જક, સમર્થ વિભીતિ, સંયમી સાધુ, કલિકાલ સર્વજ્ઞ વિ. ઉપનામો મળ્યા હતા. મુનશી સાચા અર્થમાં કહે છે 'ગુજરાત પાસે એવા વિદ્વાનો બહુ થોડા છે કે જેમનું સ્થાન વિશ્વ સાહિત્યમાં હોય. હેમચંદ્રાચાર્ય એવા વિદ્વાનોમાંના એક છે. તેમના વ્યક્તિત્વ વડે ગુજરાત વિશ્વ વ્યાપક બન્યું છે.

ગુજરાતી ભાષાને, ગુજરાતી સંસ્કારોને, ગુજરાતી પ્રજાને પોતાનું પોતાપણું રહે એવી અભેદ સાંકળ ગુંથી આપી જેથી ગુજરાત સમૃદ્ધ બન્યું. હેમચંદ્રાચાર્યની વિદ્વતાથી મુગ્ધ થઈ સિદ્ધરાજ તેમના પર ભક્તિભાવ રાખતા. સિદ્ધરાજ અને કુમારપાળ બંનેના રાજયકાળમાં હેમચંદ્રાચાર્યનો વિશેષ પ્રભાવ હતો. હેમયુગના બે ભાગ કહેવાતા (૧) સિદ્ધ હેમ, (૨) કુમાર હેમ. હેમચંદ્રાચાર્યની પ્રેરણાથી સિદ્ધરાજ જૈન 'સિદ્ધવિહાર' નામનું ૨૪ જૈન પ્રતિમાવાળું મંદિર સિદ્ધપુરમાં બંધાવ્યું હતું.

સિદ્ધરાજના કહેવાથી હેમચંદ્રાચાર્યે 'સિદ્ધહેમ શબ્દનુશાસન' વ્યાકરણની રચના કરી. આ ગ્રંથ સર્વાંગ સંપૂર્ણ શબ્દ શાસ્ત્ર છે. એકવાર સિદ્ધરાજે ભોજરાજના પુસ્તકનો ભંડાર મેળવ્યો હતો. તેમાંથી એક પુસ્તક બતાવીને આચાર્યને પૂછ્યું કે આ શું છે? આચાર્યએ કહ્યું કે; 'આ ભોજવ્યાકરણ' નામનું શબ્દશાસ્ત્ર છે ત્યારે તે સાંભળીને કહ્યું કે; 'શું અમારા ભંડારામાં આવા શાસ્ત્રો નથી?' આખાય ગુજરાતમાં આવા સર્વશાસ્ત્ર નિષ્ણાંત પંડિત નથી. એનું કારણ શું ? તે સમયે ઉપસ્થિત સર્વ વિદ્વાનોની દૃષ્ટિ આચાર્ય હેમચન્દ્રાચાર્ય તરફ વળી અને બધાંએ હેમચંદ્રાચાર્યને વિનંતી કરી કે આપ 'શબ્દવ્યુત્પતિકારશાસ્ત્ર' રચીને અમારો મનોરથ પૂર્ણ કરો. આપના સિવાય કોઈ પંડિત આ કરી શકે એમ નથી. સિદ્ધરાજે સ્વકીર્તી માટે અને વિશ્વલોક પરોપકાર માટે નૂતન વ્યાકરણ 'સિદ્ધહેમ શબ્દાનુશાસનની' રચના કરાવી. હેમચંદ્રાચાર્યે એક જ વર્ષમાં સવાલાખ શ્લોકપ્રમાણ એવું પંચાગ પૂર્ણ વ્યાકરણ રચ્યું. આ વ્યાકરણ રાજા તથા પોતાની સ્મૃતિમાં રચ્યું હોવાથી તેનું નામ 'સિદ્ધહેમ' રાખવામાં આવ્યું. આ ગ્રંથ હાથીની અંબાડી પર રાખી રાજાના દરબારમાં લાવવામાં આવ્યો. રાજાએ આ મહાન ગ્રંથની પૂજા કરી. ત્યારબાદ તેને રાજકીય સરસ્વતીકોશમાં સ્થાપિત કરવામાં આવ્યો. 'સિદ્ધહેમ વ્યાકરણ' એ માત્ર વ્યાકરણ નથી પણ ગુજરાતનું જીવન ઝરણ છે.

આમ શ્રી હેમચંદ્રાચાર્યનું સ્થાન ભારત વર્ષના વિદ્વાનોની ગણનામાં ઘણું ઊંચું હતું. જે સ્થાન સંસ્કૃત સાહિત્યમાં વિક્રમાદિત્યના દરબારમાં મહાકવિ કાલિદાસનું અને હર્ષ સમ્રાટના દરબારમાં કાદંબરીના રચનાકાર બાણભટ્ટનું હતું તે સ્થાન નરેન્દ્ર શિરોમણી સિદ્ધરાજ જયસિંહના દરબારમાં હેમચંદ્રાચાર્યનું હતું. તેઓ પોતાની અપરિચિત જ્ઞાનશક્તિને લીધે 'કલિકાલ સર્વજ્ઞ' કહેવાયા. પાટણ તેમજ ગુજરાત સદાકાળ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની ઋણી રહેશે.

**□ શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**

---

## ATTITUDE

The longer I love, the more I realise the impact of Attitude in Life.
Attitude is often more important than facts.
Attitude is more important than money.
Attitude is more important than the past.
Attitude is more important than failures or sucesses.
Attitude is more important than what other people think, say or do.
Attitude is more important than physical skill, or mental capacity.
Attitude will break a company...a church...or a home...
The remarkable thing is that I have a choice everyday, regarding the Attitude I will embrace for that day.
I cannot change the past.
I cannot control the futue.
I cannot control how someone else will act.
The only thing I can do is control my own Attitude.
I am convinced that life is 10% what happens to me, and 90% how I react to it.
It is all up to me since I am in charge of my ATTITUDE.


શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ : ESTD : 1998

**૧૫મા વર્ષમાં પદાર્પણ...પાટણ પરિવારના જૈન યુવક-યુવતીઓ માટે ચાલતો**

**અલ્પા મેરેજ બ્યુરો**

આપણા માટે નવી સુવીધા સાથે...ડાયરેક્ટ મીટીંગની વ્યવસ્થા
સ્પેશ્યલ કલાસ માટે ઈ-મેઈલ ફેસીલીટી. **વધુ વિગત માટે સંપર્ક :**
**શ્રીમતી અલ્પા શાહ : 8080547424 - 9823218746**
સમય : ૧૧-૦૦ થી ૫-૦૦. Email : alpashah@yahoo.co.in
**દર અમાસે મેરેજ બ્યુરો બંધ રહેશે.** advt.



**શું તમને ખબર છે કે !**

આપણા જીવનમાં દરેક વસ્તુ બે વાર બને છે. પહેલી વખત આપણા અર્ધજાગ્રત મનમાં તેની Blue-Print તૈયાર થાય છે, અને પછી તે હકીકતમાં ફેરવાઈ જાય છે.

Know the Power of MIND and get the maximum benefits – Free Seminar સમાજના સર્વે Young (મનથી) માટે ખાસ. **Contact : 9869045269-પ્રતાપ શાહ** advt.

# ખુશ્બુ ગુજરાતની સાથે પાટણની પ્રભુતાનું જોડાણ

ગુજરાત ટુરીઝમ દ્વારા છેલ્લા તબક્કામાં ઉત્તર ગુજરાતમાં ખુશ્બુ ગુજરાતની પ્રમોટ થવાનું છે. તેમાં આપણા પાટણની પ્રભુતાના દર્શન ગુજરાત સરકાર તરફથી કેમ ધ્યાનમાં લેવામાં આવતી નથી? તે માટે પાટણપ્રેમી, આપણે પટ્ટણીઓ, કચ્છીઓ કરતા ગુજરાત સરકારમાં રજૂઆત કરવા શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રીમતી આનંદીબહેન પાસે જતાં કેમ અચકાઈએ છીએ કે પ્રયત્ન કરવામાં મોળા પડીએ છીએ કે પછી સહી ઝુંબેશ થકી પાટણ જૈન મંડળ તરફથી પ્રતિબિંબ દ્વારા રજૂઆત થાય તેવા લોકમતની રાહ જોઈએ છીએ તે સમજાતું નથી.

કચ્છીઓ કચ્છ માટેની ઘણીબધી રજૂઆત ગુજરાત સરકાર અને ભારત સરકાર પાસે સંગઠન દ્વારા કરીને મેળવીને જ રહે છે. તેવી જાગૃતિ આપણા પટ્ટણીઓએ લાવવાની તાતી જરૂર છે.

આઝાદી પછીના ૬૫ વર્ષમાં પાટણને શું મળ્યું? કેવી પ્રગતિ થઈ? ભારત સરકારે કે ગુજરાત સરકારે શું સુવિધા પાટણમાં વધારી આપી? તે દરેકનો વિચાર માગી લે છે અને તે માટે દરેક પાટણમાં રહેલા, જન્મેલા કે દેશ-વિદેશમાં રહેતા વતનીએ પ્રયત્ન રૂપી પત્ર ગુજરાત સરકારને કે રાષ્ટ્રપતિને લખવા રહ્યાં.

પાટણ પાસે શું નથી, જરા વિચારો ને લખો.

પાટણ જુના સમયની રાજધાની સાહિત્યપ્રિય અને ધર્મપ્રિય સંસ્કારી લોકો, પાટણની કોઈક અવગણના થતી લાગે છે કે ધ્યાન બહાર જતું લાગે છે.

પાટણનો ખજાનો તો જુઓ, જોવા જાવ અને સરકારનું ધ્યાન દોરો.

(૧) રાણકીવાવ (૨) સહસ્ત્રલીંગ તળાવ. (૩) રાણીનો મહેલ લગભગ આ જોવા માટે પુરાતત્ત્વ વિભાગના ૨૦૧૧-૨૦૬૨ના પ્રવાસીઓ જોવા માટે લગભગ અઢી લાખ લોકોએ ટિકિટ લીધી છે જે ભારતમાં તાજમહાલ પછીનો બીજો આંકડો છે. પુરાતત્ત્વ વિભાગ ગુજરાતને સૌથી વધારે કમાણી કરાવે છે. (૪) પાટણના પટોળા (૫) શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન પુસ્તક ભંડાર (૬) ૧૩૨ જૈન દેરાસર (૭) બહેરા મૂંગાની પાટણ જીલ્લાની શાળા (૮) ત્રણ દરવાજા (૯) પાટણને ફરતો જુનો કોટ (૧૦) માટીના વાસણો. આટલું બધું હોવા છતાં મુખ્ય પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કે આપણા પાટણ જીલ્લામાંથી ચુંટાયેલા શ્રીમતી આનંદીબહેન પટેલને તાત્કાલિક ધ્યાન આપવાની નમ્ર વિનંતી છે.

પાટણની જરૂરિયાત બ્રોડગેજ રેલ્વે, પાટણથી અમદાવાદ દરરોજની (૨) વિકલી પાટણથી મુંબઈ (૩) ઔદ્યોગિક શેડ ઝોન (૪) હૉટલ ઉદ્યોગ (૫) રેલ્વેની તાત્કાલિક સુવિધા વધારી પ્રવાસ નિગમ અને ઈન્ડસ્ટ્રીઝથી પાટણનો અઢળક વિકાસ કરાવવો, જો તેઓ ધ્યાન આપે તો શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રીમતી આનંદીબહેન દ્વારા શક્ય છે. પાટણ જૈન મંડળ પ્રતિનિધિ કે પ્રમુખ દ્વારા આ વિચારનો અમલ થાય તેવા પ્રયત્નો કરવા જરૂરી છે. આભાર!

□ **શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ**

## આસપાસ

*જનમનાં બંધન છે, ક્ષણની આસપાસ,*
*મૃત્યુ ભમે છે અહીં, જીવનની આસપાસ;*

*બદલાય સમય, સંજોગની આસપાસ,*
*ચરણ પહોંચ્યા છે, મંઝીલની આસપાસ!*

*ભમ્યા રમકડાં, બચપનની આસપાસ,*
*શૈશવ સોણલાં, યૌવનની આસપાસ;*

*પંખી આભલે ને હું જિંદગી આસપાસ,*
*તરસ્યા હૃદયે હું ઝરણાની આસપાસ!*

*સુખ ને વિષાદ પરિવારની આસપાસ,*
*સમજાય ના કર્મ, મરણની આસપાસ!*

*પૂર્વ જન્મ કર્મો, વર્તમાનની આસપાસ,*
*સ્મૃતિ, વિસ્મૃતિ, માત્ર જીવનની આસપાસ!*

**મ.ને.**


# PATAN CO-OP. BANK LTD.

Rasik Nivas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400 020. Tele. 22817444 / 22815290

E-mail : patanbank@yahoo.co.in ● Telefax : 22816513

**Financial position as on 31st March 2011 (Rs. In Lacs)**

| | | | |
|---|---|---|---|
| Share Capital | 261.95 | CRAR | 23.42% |
| Reserve Fund | 993.47 | Dividend (proposed) | 12.00% |
| Deposits | 6350.77 | Working capital | 7888.57 |
| Advances | 3170.04 | Net Profit | 74.53 |

**AUDIT CLASS ``A"**

- **NO NEW NPA'S SINCE LAST 2 YEARS**
- **COURTEOUS STAFF AND EFFECTIVE SERVICES**

**WE OFFER**

- 1% p.a. over rate of deposit on advances against deposit receipt for borrower OR third party
- Locker facility in both branches ● RTGS/NEFT tie-up Bank of Baroda ● Car loan@11% p.a.
- Housing Loan @ 11% -- upto Rs. 40.00 lacs ● LOAN AGAINST NSC / LIC POLICIES @ 11%
- Line of credit – (Local/ foreign) facility withThe Saraswat Co-operative Bank Ltd.
- Deposit Interest @ 10% p.a. for 1125 days – senior citizen/single deposit @ 10.25% over Rs 15 lacs
- NO TDS DEDUCTION FROM INTEREST PAID/PAYABLE TO THE MEMBERS.
- Extension counter at Nagdevi and branches at Marine Drive and Goregaon

**AS ALWAYS........................................WE ARE WITH YOU**

(ADVT)

## CHILD LABOUR : A BOON OR BANE ?

`There are more than a thousand of us, little girsl who work in the factory, sewing clothes at our decrepit machines all day long with barely half an hour's break.' `Claims Radha sorrowfuly, a mere 9 year old girl who workd at a clothes manufacturing factory in a remote village near Jharkhand. `Meals are a meager affair once a day, comprising of broth with chunks of putrid, rotten vegetables 7 stale bread. We often find carcasses of dead cockroaches in the broth or mould growing on the bread but we must eat because if we waste food, they whip us bloody.' She tearfully adds. When asked why she works instead of goin to school Radha joins her maimed hands, (her stunted, disgured fingers clearly indicate the fruits of her grueling drudgery) and responds, `Yeh hamari majboori hai.'

Radha's plight is neither unheard of nor is it unusual. Child labour is a vile demon, spreading it's hands into nearly every nook and cranny of the world, compelling children to work arduously in filthy, hazardous conditions which could easily claim their lives. According to recent survey conducted by UNICEF, an estimated 158 million children aged 5-14 are engaged in child labour-one in six children in the world. They are everywhere, toiling as domestic servants in homes, toiling behind walls of workshops, hidden from view in plantations. India is no stranger to child labour either as it constitutes 36% at 23.2 million of her population!

But as we brood further on this, is child labour all evil? For large corporations, the conclusion would be a NO! Employing children can have it's own copious benefits. not only are their wages low but they also work solemnly for long hours which is required by firms to survive in cutthroat competition. Neither do they rise in defiance as they are meek & helpless but they also accept what they are given without causing an insurgency. And it's not like they work for free. They do earn incomes, albeit they are trivel. Besides, they work harder & are less lethargic then adults if threatened aptly. Other than large firms, don't households or shops or restaurants utilize child labour as well? So the magnitude of this predicament is well beyond VAST & it seems nearly unfeasible to eradicate it!

To come a trifle closer to purge the world of child labour, it is crucial to explore the basis if it. In a country like India where 40% of the population lives below the poverty line, a majority of indigrent parents in both rural as well as urban locales prefer to send their children to work rather than to school, primarily on account of their need for a supplementary income Low level of parental education is also an imperative factor in determining incidence of child labour. However, These children spend so much time sweating in unhygienic, appalling conditions that their immunity power dwindles substantially. Radha our little informer also implies that they kill sick kids to save on medical expenses.

As the citizens of India & gen. X, isn't it our responsibility to help our country break the shackles of this bondage that is child labour? The International Labour Organization (ILO) launched the International Programme for Elimination of Child Labours in 1991 and India was the first to enroll in the same in 1992. But still the problem persists due to poor implementation of plants and programmes although the government gives certain monetary or if need be nonmonetary incentives to the falilies that live Below Poverty Line to avoid child labour so that their children can be sent to school. The need of the hour is to expand the machinery for enforcing the various laws on child labour. There is a plethora of laws but nothing can eradicate child labour unless there is awareness among parents and children, which will go a long way in saving future of millions of working children in India.

**❑ Kum. Nillavi Jiten Shah**

* * *

## કેલેન્ડર બદલ્યું એટલે વર્ષ બદલાયું ?

નવું વર્ષ બેસે એટલે આપણે ઘરમાં, ઑફિસમાં, કારખાનામાં કેલેન્ડર બદલીએ છીએ, એનો અર્થ એ કે વર્ષ બદલાયું. પણ વર્ષ બદલાતા આપણે પણ બદલાયા છીએ ખરા ? વીત્યા વર્ષમાં આપણામાં જે ખામીઓ, કમજોરીઓ હતી એ બધી એમની એમ જ રહી છે ? કે સંકલ્પ કરીને એમાંની કેટલીકને દૂર કરી છે ? જો ઉત્તર હા હોય તો ખરેખર વર્ષ બદલાયું લાગશે અને નકારાત્મક હોય તો પછી માત્ર કેલેન્ડર જ બદલ્યું છે.

બાહ્ય દૃષ્ટિથી દિવાળી એટલે દીપોત્સવ પરંતુ તાત્ત્વિક દૃષ્ટિથી દિવાળી એ આંતરિક આરાધના છે. દિવો એ જ્ઞાનનું પ્રતિક છે. આપણા ૨૪માં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનો કલ્યાણક દિન દિવાળીના દિવસે આવે છે. મહાવીર સ્વામીના નિર્વાણથી આ સંસારમાં જ્ઞાનદીપ બૂઝાયો પરંતુ એ વીતરાગ પરમાત્માની જ્ઞાનજ્યોતિ આખા વિશ્વમાં ફેલાઈ એના પ્રતિક દેવો અને માનવોએ દીપમાળા કરીને ઉજવી. શ્રી ગૌતમ સ્વામી ગણધરને દિવાળીની રાત્રે જ કેવળજ્ઞાન થયું. ત્યારથી જૈનો અને જૈનેતરો આ મહાન પર્વ ભાવપૂર્વક ઉજવે છે.

દિપાવલીનું પર્વ આવે એટલે ઘરે ઘરે દિપમાળા પ્રગટે છે. કોઈ દિપક ઓલવાઈ જતાં આપ પુછશો કે 'હે પ્રકાશ તું ક્યાં છો ?' એનો જવાબ છે-કોડિયાના ઘી માં જતો ! આજ રીતે પ્રભુના દર્શન પણ આપણા હૃદયમાં જ થશે. આપણાં જીવનમાં ડગલે ને પગલે પ્રભુની શક્તિ જ કામ કરે છે. તેથી આપણે અભિમાન ત્યાગી પ્રભુ ભક્તિમાં જ લીન થવું જોઈએ. પ્રભુનું સ્મરણ આપણા જીવનમાં રહેલા ભયને દુર કરશે અને આપણને અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જશે. આપણી સમક્ષ અનેક વિષમતાઓ અનેક પ્રતિકૂળ વાતાવરણ છે. એ હકિકત છે છતાં દિવડાની નાની જ્યોત અમાસ જેવા અંધકારને દૂર કરે છે તેમ નવા વર્ષના સોનેરી કિરણો આખા જગતને તેજોમય બનાવે છે. નૂતન વર્ષનો આશાભર્યો શુભારંભ એટલ અંધકારનું ગમન અને ઉજાસનું આગમન.

નૂતન વર્ષ એટલે જ પરિવર્તન. કેવળ સમયનું નહીં પરંતુ આત્માવલોકન દ્વારા જીવનમાં આમુલ પરિવર્તનની પ્રેરણા આપતું મંગલાચરણ.

પરિવર્તન એજ જીવન. નિરાશાને આશામાં, અને સંઘર્ષને સફળતામાં પરિવર્તન કરવાના દૃઢ સંકલ્પનો સમય એટલે જ નૂતન વર્ષ.

તનની તાજગી...મનની મસ્તી...દિલની દાનવીરતા...દૃષ્ટિની દીર્ઘતા !

આપ સૌના વ્યક્તિત્વને દેદિપ્યમાન બનાવે એ જ અભ્યર્થના સાથે.

નવું વર્ષ મુબારક

**❑ શ્રી સુરેશ સુરજમલ ચોધરી**

# પાટણના ગૌરવ, ગર્વ અને ગરિમાને ગુંજતી રાખનાર શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિનાલય

## ભવ્ય ભૂતકાળ...

ભાતીગળ સંસ્કારોની પરંપરા જાળવતી પૌરાણિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક નગરીનું શિરોમણિ એટલે અદ્ભૂત અને અનન્ય શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિનાલય. ઇતિહાસવીદોના મતે પરમ પરમેશ્વર શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમા ૧૨૬૫ વર્ષ પ્રાચીન અને અતિ ચમત્કારિક છે. પાટણના અસ્તિત્વ અને સ્થાપનાકાળ વિ. સં. ૮૦૨ના સમયની પ્રતિમા હોવાને કારણે આ જિનાલય પાટણના ભવ્ય ઇતિહાસ સાથે અતઃથી ઇતિ સુધી સંલગ્ન રહ્યું છે.

જિનાલયોની નગરીનું બિરૂદ પામેલ પાટણ સાથે પંચાસરનું નામ નખશીખ જોડાયેલું છે. મહારાજ વનરાજના પિતાશ્રી જયશિખરી તે સમયે પંચાસરમાં રાજ્ય કરતા. પૂ. આ. ભ. શીલગુણસૂરીશ્વરજી મ.સા.ના ઉપદેશથી પ્રેરાઈ રાજા વનરાજે પ્રતિમાજીને પંચાસરા પાર્શ્વનાથ નામ આપી નવા પાટનગર પાટણમાં સ્થાપી. અસલ પંચાસરા પાર્શ્વનાથ મંદિર **'વનરાજ વિહાર'** તરીકે જાણીતું હતું જેનો જીર્ણોદ્ધાર વસ્તુપાળે કરાવ્યાનો ઉલ્લેખ ઇતિહાસને પાને કંડારાયેલ છે.

લગભગ સોળમાં સૈકાની આસપાસ અર્વાચિન પાટણમાં નિર્માણ પામેલ શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિનાલયની જગ્યાએ કાષ્ટનું મંદિર હતું. કાળક્રમે આ જિનાલયનો સમયોચિત જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. વિ. સં. ૧૯૫૦માં બાબુસાહેબ પનાલાલ પુરણચંદજીના પરિવારે આ બાવન જિનાલયનું મુખ્ય મંદિર બંધાવ્યું. યુગ દિવાકર આ. ભ. વિજય વલ્લભસૂરિશ્વરજી મ.સા.ના પટ્ટધર પૂ. આ. ભ. વિજય સમુદ્રસૂરિશ્વરજીની નિશ્રામાં વિ. સં. ૨૦૧૧ના જેઠ સુદ પાંચમના પુનિત દિવસે મહામંગલકારી મહોત્સવમાં બાબુસાહેબ વિજયકુમાર પનાલાલજીએ ધામધૂમપર્વક પ્રતિષ્ઠા કરી હતી. પૂજ્ય પન્યાસ પૂણ્યવિજયજી મ.સા. તથા વિદ્વાન કલારત્ન પૂ. મુનિરાજ યશોવિજયજી મ.સા.ની પાવક નિશ્રા પણ પ્રાપ્ત થઈ હતી.

વર્ષે સુવર્ણ જયંતિ પ્રસંગે યુવા હૃદય સમ્રાટ પૂ. આ. ભ. વિજય હેમરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબે માનસ મંદિરમ્ તીર્થ (શાહપુર)થી ઉગ્ર વિહાર કરી પાટણ શ્રી પંચાસરા પાર્શ્વનાથના ઇતિહાસમાં સુવર્ણ પૃષ્ઠ ઉમેર્યું. જૈનમ્ જયતિ શાસનમ્‌ના ગગનભેદી નાદ સાથે સમસ્ત ઉત્સવ મહોત્સવમાં ફેરવાયો. સમસ્ત નગરમાં રિદ્ધિ સિદ્ધિના પડઘમ વાગી રહ્યાં.

## અગોતરું આમંત્રણ...

***ઝીણો ઝીણો ઊડે રે ગુલાલ, પાર્શ્વ પંચાસર મંદિરીએ;***
***પધારો નરનાર, વ્હાલા બાલ, લાખેણી આંગીના દર્શનીએ !***

એક પૂણ્ય પળે શ્રી પંચાસરા પાર્શ્વનાથ પ્રભુની અનન્ય અને બેનમુન આંગી બનાવવાનો વિચાર ટ્રસ્ટીગણને આવ્યો. આ વિચારને રચનાત્મક સ્વરૂપ અપાયું અને શુભસ્ય શીઘ્રમની ઉક્તિ હકીકતમાં ફેરવાઈ. લગભગ બે વર્ષથી રાત-દિવસ આંગી નિર્માણ કાર્યમાં ટ્રસ્ટીઓ તથા અન્ય ૩૦ નિપુણ અને સિદ્ધહસ્ત કારીગરોએ કલાકૌશલ્ય દાખવ્યું છે.

ઈચ્છા કશું જ બદલતી નથી, જ્યારે નિર્ણય બધું જ બદલી નાખે છે. ઈચ્છામાં સંકલ્પની ગેરહાજરી હોય છે જ્યારે સંકલ્પને હાજર રાખ્યા વિના કોઈ જ નિર્ણય કરી શકાતો નથી.

આંગી અંગેની ઉત્તમ અને પર્યાપ્ત સુઝબુઝને કારણે બહોળા અનુભવને કામે લગાડી કુંભારીઆ પાડાના **શ્રી મીનેષભાઈ મૂળચંદ શાહે** ખડે પગે હાજર રહી દહીસર ખાતેના મૂળ પાટણના વતની પાસે એક અદ્ભૂત બહમૂલ્ય આંગી બનાવડાવવાની મેરેથોન ચાલુ કરી. મન મોહનજીની શેરીના **સર્વશ્રી રમેશભાઈ છબીલદાસ શાહે** પણ તેમની અનુભવની એરણ પર ઘડાયેલ કુશાગ્ર બુદ્ધિમત્તાનો મહત્તમ ઉપયોગ કરી સંપૂર્ણ સહકાર આપ્યો. આવી ઉત્તમોત્તમ નૈનાકર્ષક હૃદયંગમ આંગીને બહુમૂલ્ય પરિમાણ અને પરિણામ બક્ષવા બદલ બન્ને મહાનુભાવોને હાર્દિક અભિનંદન !

ચાંદી ઉપર અમેરીકન ડાયમંડના જડતર તથા ચકાચોંધ કરે તેવી આ એકમેવ ભવ્યાતિભવ્ય આંગી બની છે જેનો જોટો જડવો મુશ્કેલ છે. આ અણમોલ, અજોડ અને લક્ષ્યવેધક આંગીમાં અંદાજે ૬૧૦૦૦ સિગ્નિટિ ડાયમંડસ તથા ખંભાતી જ્વલ્લેજ જોવા મળતા રંગીન નંગોનો કલાત્મક ઉપયોગ કર્યો છે જેનો દેખાવ સાચા માણેક, હીરા અને નીલમ જેવો ભાસે છે. શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ પ્રભુના અનન્ય સોનાના અદ્ભૂત મુગટ પછી કદાચ આ આંગી બીજે નંબરે મૂકી શકાય. આ આંગીના રક્ષણ માટે પાટણ ખાતે ઉત્તમ પ્રકારની વ્યવસ્થા કરેલ છે.

## ઉજ્વળ ભવિષ્ય...

ડિસેમ્બર માસના છેલ્લા અઠવાડિયામાં ઉક્ત મહામૂલી આંગી શ્રી પંચાસરા પાર્શ્વનાથ પ્રભુજીને ચઢાવવાનું નિર્ધારેલ છે. આપ મહાનુભાવોને અમારું ભાવભર્યું અગોતરું આમંત્રણ સ્વીકારી પધારવા નમ્ર વિનંતી છે. આ અંગેની માહિતી હવે પછીના પ્રતિબિંબમાં અપાશે. આ માસ દરમ્યાન પાટણ ખાતે કનાસાનો પાડો, લીમડીનો પાડો, પોળની શેરી તથા ઢંઢેરવાડાના ઓચ્છવો યોજવામાં આવેલ છે તેવી માહિતી પ્રાપ્ત થયેલ છે. નાતાલની રજાઓ હોવાથી વધુમાં વધુ લોકો આ લાખેણી આંગીના દર્શનનો લાભ લઈ શકે અને મુંબઈ કે અન્ય ઠેકાણેથી ચઢાવો લેનાર મહાનુભાવોના સગા-સંબંધીઓ પણ અત્રે પધારી ધન્ય બને એ જ અમારો ઉદ્દેશ, આશય અને અભિગમ રહ્યો છે.

શ્રી પંચાસરા પાર્શ્વનાથજી દાદાને પ્રથમ આ અણમોલ આંગી ચઢાવવા માટેની ઉછામણી નવેમ્બર માસમાં મુંબઈ મધ્યે બોલાવવામાં આવશે તે સમયે આંગીને નજદીકથી નિહાળી શકાય તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. આ પ્રસંગે પાટણ મધ્યે અંદાજીત ૧૫૦૦ વ્યક્તિઓ પધારશે એવી ધારણા છે. ગામ નોકારશી માટેની વ્યવસ્થા પણ વિચારણા હેઠળ છે.

અમે સુપેરે જાણીએ છીએ કે કર્તવ્ય ભાગ્યે જ કોમળ હોય છે છતાં તેના કામણથી માન અને સન્માન બન્ને પ્રાપ્ત થાય છે. સંબંધોના આપણા આ મેળાને અકબંધ રાખી નોખાપણામાં અનોખાપણાનો લ્હાવો લેવો છે અને આપણી વચ્ચેના સમર્થ સેતુને વધુ ગૌરવાન્વિત કરવો છે. ✷ ✷

## LIST OF EDUCATIONAL PRIZE WINNERS

### S.S.C. / I.C.S.E. / I.G.C.S.E. / C.B.S.E. / Std. 10TH

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **Smt. Smitaben Vikramkumar Dawavala Merit Prize** | | | | | |
| | | **Smt. Mrudulaben Navinchandra Dawavala Maths Prize** | | | | | |
| | | **Shri Halabhai Maganlal Girls Student Prize** | | | | | |
| | | **Shree Patan Jain Mandal Incentive Prize** | | | | | |
| 1 | 1 | **Nishi** | Harnish Fatehchand Shah | SSC | 96.9 | Patan | Tamboli Vado |
| | | | **Highest in 10th / Maths (100-100)** | | | | |
| | | **Shri Mohanlal Sakarchand Prize** | | | | | |
| | | **Shri Harshit Bharatkumar Shah Science Prize** | | | | | |
| | | **Shri Harshit Bharatkumar Shah English Prize** | | | | | |
| | | **Shree Patan Jain Mandal Incentive Prize** | | | | | |
| 2 | 2 | **Parin** | Rajesh Sureshbhai Jhaveri | ICE | 96.9 | Vileparle | Jhaveri Vado |
| | | | **Highest in 10th /Science (300)/English (100)** | | | | |
| | | **Shree Patan Jain Mandal Merit / Incentive Prize** | | | | | |
| 3 | 3 | **Khushbu** | Shah (Daughter Of Neha Arvind Parekh) | CBSE | 96 | Mulund | Kasumbiya Vado |
| 4 | 4 | **Shivani** | Pragnesh Rameshchandra Shah | CBSE | 95 | Indore | Mallat no Pado |
| 4-A | 4-A | **Nillavi** | Jiten Rameshbhai Shah | IGCSE | 95.37 | Andheri | Kanasano Pado |
| 5 | 5 | **Aditya** | Anish Jayant Shah | ICSE | 94.9 | Santacruz | Kumbharia Pado |
| | | **Smt. Nirmalaben Sevantilal Jhaveri Gujarati Prize** | | | | | |
| | | **Shree Patan Jain Mandal Merit / Incentive Prize** | | | | | |
| 6 | 6 | **Parakh** | Kalpesh Rameshbhai Jhaveri | ICSE | 94.6 | Vileparle | Manmohanji ni Sheri |
| | | | **Highest in Gujarati (100-96)** | | | | |
| | | **Shree Patan Jain Mandal Merit / Incentive Prize** | | | | | |
| 7 | 7 | **Vidhi** | Rupesh Sureshbhai Shah | SSC | 94.6 | Goregaon | Koka no Pado |
| 8 | 8 | **Manan** | Pratik Chinubhai Shah | SSC | 94.6 | Borivali | Tamboli Vado |
| 9 | 9 | **Mitali** | Umesh Ramanlal Shah | ICSE | 94 | Tardev | Kumbharia Pado |
| 10 | 10 | **Sahil** | Anil Vinodkumar Shah | SSC | 93.6 | Lamington Road | Khajuri no Pado |
| | | **Shree Patan Jain Mandal Merit Prize** | | | | | |
| 11 | 11 | **Aayushi** | Girish Babulal Shah | SSC | 93.6 | Bhayandar | Mallat no Pado |
| 12 | 12 | **Riya** | Nimesh Nalinbhai Shah | ICSE | 93.3 | Walkeshwar | Koka no Pado |
| 13 | 13 | **Manan** | Pankaj Pravinchandra Shah | SSC | 93.1 | Goregaon | Vakhatji ni Sheri |
| 14 | 14 | **Yash** | Pragnesh Vijaykumar Shah | SSC | 93.1 | Prathna Samaj | Dank Mehta no Pado |
| 15 | 15 | **Nihar** | Nailesh Mahasukhlal Shah | SSC | 92.6 | Ghatkopar | Shantinath ni Pol |
| 16 | 16 | **Sanat** | Hitesh Mahendra Shah | SSC | 92.4 | Nepean Sea Road | Kapur Mehta no Pado |
| 17 | 17 | **Chandni** | Devesh Rameshbhai Shah | CBSE | 92.2 | Chowpaty | Vakhatji ni Sheri |
| 18 | 18 | **Vidhi** | Dhiren Pravinbhai Shah | ICE | 92.1 | Vileparle | Khetarvasi |
| 19 | 19 | **Khyati** | Parag Navinchandra Shah | SSC | 92 | Goregaon | Kanasa no Pado |
| 20 | 20 | **Akash** | Amit Vardhaman Shah | SSC | 92 | Dadar | Keshuseth no Pado |
| 21 | 21 | **Ria** | Nimish Chandrakant Shah | SSC | 91.5 | Bhandup | Salvi Vado |
| 22 | 22 | **Dhavja** | Sharad Bhagubhai Shah | SSC | 91.3 | Grant Road | Vakhatji ni Sheri |
| 23 | 23 | **Karan** | Sanjay Shantilal Shah | SSC | 91.1 | Bhayandar | Dhandher Vado |
| 24 | 24 | **Jash** | Tarang Mahendra Shah | SSC | 90.9 | Goregaon | Kumbhariya Pado |
| 25 | 25 | **Hetal** | Paresh Vinodchandra Shah | SSC | 90.7 | Tardev | Limadi no Pado |
| 26 | 26 | **Rachit** | Binish Bharatkumar Shah | SSC | 90.4 | Dahisar | Marfatiya Mehta no Pado |
| 27 | 27 | **Priyal** | Anish Navinchandra Shah | SSC | 90.4 | Vileparle | Jhaveri Vado |
| 28 | 28 | **Ronak** | Bhavesh Piyush Sanghavi | SSC | 89.8 | Prathna Samaj | Vagol no Pado |
| 29 | 29 | **Miloni** | Rajesh Devendra Shah | SSC | 89.6 | Vileparle | Abji Mehta no Pado |
| 30 | 30 | **Rushabh** | Amit Mahendra Shah | SSC | 89.3 | Borivali | Marfatiya Mehta no Pado |
| 31 | 31 | **Disha** | Mayur Kirtilal Shah | SSC | 89.1 | Prathna Samaj | Katkiya Vado |
| 32 | 32 | **Jinay** | Unmesh Jaywantkumar Shah | CBSC | 89 | Chowpaty | Vasupujya ni Sheri |
| 33 | 33 | **Saumil** | Parag Pravinchandra Shah | ICSE | 89 | Marine Lines | Nishal no Pado |
| 34 | 34 | **Krupa** | Pankaj Sevantilal Shah | ICSE | 87.9 | Gamdevi | Maniyati Pado |
| 35 | 35 | **Atish** | Tushar Babubhai Shah | SSC | 87.3 | Tardev | Kanasa no Pado |
| 36 | 36 | **Pooja** | Jitendra Babulal Shah | SSC | 86.9 | Dahisar | Ghiya no Pado |

### SHRI KESHAVLAL KILACHAND CHARITABLE TRUST
### POST GRADUATE MERIT SCHOLARSHIP : (Rs. 10,000/- EACH STUDENT)

**(1) Jimit Kamlesh Dalpatbhai Shah** — Goregaon — Kanasa no Pado
Last Exam : B.E. Electronics & Telecommunication–64.06%
Current Study : M.B.A.--Symbiosis International University, Pune

**(2) Jimit Kartik Mahasukhlal Shah** — Andheri — Marfatiya Mehta no Pado
Last Exam : B.E. Electronics & Telecommunication–69.23%
Current Study : Master of Science in Computer--Syracuse University, U.S.A.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 37 | 37 | **Reema** | Deepak Kirtilal Shah | SSC | 86.7 | Bhayandar | Katkiya Vado |
| 38 | 38 | **Riya** | Ketan Jitendrabhai Shah | SSC | 86.7 | Goregaon | Khadakhotadi no Pado |
| 39 | 39 | **Aalisha** | Ashvin Harshadkumar Sandesara | SSC | 86.4 | Ahmedabad | Kasumbia Vado |
| 40 | 40 | **Hem** | Atul Lalitchandra Shah | SSC | 86.4 | Ghatkopar | Khajuri no Pado |
| 41 | 41 | **Vidhi** | Kamalesh Rameshchandra Shah | SSC | 86.2 | Bhayandar | Dhandher Vado |
| 42 | 42 | **Mansi** | Devendra Keshrichand Shah | SSC | 86 | Ghatkopar | Mahalaxmi Mata no Pado |
| 43 | 43 | **Kanchi** | Pankaj Sevantilal Shah | ICSE | 85.9 | Gamdevi | Maniyati Pado |
| 44 | 44 | **Jainy** | Samir Lalitbhai Shah | ICSE | 85.5 | Goregaon | Dhandher Vado |
| 45 | 45 | **Aalap** | Hiten Kantilal Shah | ICSE | 85.4 | Andheri | Shantinath ni Pol |
| 46 | 46 | **Vismay** | Uday Hasmukhlal Shah | ICSE | 85 | Marine Drive | Jhaveri Vado |
| 47 | 47 | **Devang** | Manoj Ratilal Shah | SSC | 84.9 | Bhayandar | Dhandher Vado |
| 48 | 48 | **Karan** | Jayesh Pravinchandra Shah | SSC | 84 | Goregaon | Vakhatji ni Sheri |
| 49 | 49 | **Ami** | Jikesh Girdharlal Shah | SSC | 82.4 | Kandivali | Chodhari ni Sheri |
| 50 | 50 | **Kajal** | Vipul Pravinbhai Shah | ICSE | 81.4 | Goregaon | Marfatiya Mehta no Pado |
| 51 | 51 | **Kevin** | Mukesh Hiralal Shah | SSC | 80.6 | Kalbadevi | Pol ni Sheri |

## H.S.C. - Std. 12th

**COMMERCE**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **Shri Yashvadan Jeshinglal Chowksy Prize** | | | | | |
| | | **Shri Khushboo Kartik Navinchandra Shah Account (B.K.) Prize** | | | | | |
| | | **Shree Patan Jain Mandal Incentive Prize** | | | | | |
| 52 | 1 | **Nidhi** | Deepak Mahasukhlal Shah | HSC | 96.4 | Chennai | Manmohanji ni Sheri |
| | | | **Highest in 12th / Account (200)** | | | | |
| | | **Shri Yashvadan Jeshinglal Chowksy Prize** | | | | | |
| | | **Shree Patan Jain Mandal Incentive Prize** | | | | | |
| 53 | 2 | **Umang** | Himanshu Vrajlal Shah | CBSE | 91.8 | Chennai | Tamboli Vado |
| | | | **2nd Highest in Std. 12th** | | | | |
| | | **Shree Patan Jain Mandal Merit / Incentive Prize** | | | | | |
| 54 | 3 | **Nirmit** | Ashwin Champaklal Jhaveri | HSC | 86.5 | Grant Road | Manmohanji ni Sheri |
| 55 | 4 | **Dhwani** | Hiten Chinubhai Shah | HSC | 85.2 | Chowpaty | Manmohanji ni Sheri |
| | | **Shri Khushboo Kartik Navinchandra Shah Maths Prize** | | | | | |
| | | **Shree Patan Jain Mandal Merit / Incentive Prize** | | | | | |
| 56 | 5 | **Charmi** | Kamlesh Pravin Shah | HSC | 83 | Goregaon | Marfatiya Mehta no Pado |
| | | | **Highest Marks in Maths (100-98)** | | | | |
| | | **Shree Patan Jain Mandal Merit / Incentive Prize** | | | | | |
| 57 | 6 | **Rushita** | Jinesh Navnitlal Shah | HSC | 82.7 | Walkeshwar | Maniyati Pado |
| 58 | 7 | **Khushali** | Manish Bipinchandra Shah | HSC | 82 | Gowalia Tank | Kanasa no Pado |
| 59 | 8 | **Ashka** | Nimesh Dineshbhai Shah | HSC | 81.5 | Sion | Shantinath ni Pol |
| | | **Shri Maneklal Gabhruchand Shah Gujarati Prize** | | | | | |
| | | **Shree Patan Jain Mandal Merit / Incentive Prize** | | | | | |
| 60 | 9 | **Romit** | Dhiren Dineshbhai Shah | HSC | 80 | Ahmedabad | Vasavado |
| | | | **Highest Marks in Gujarati (100-80)** | | | | |
| | | **Shree Patan Jain Mandal Merit / Incentive Prize** | | | | | |
| 61 | 10 | **Honey** | Sanjay Chandrakant Shah | HSC | 79.7 | Borivali | Kumbhariya Pado |


**શ્રી પાટણ પાંજરાપોળ** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન : (02766)220203 **સંચાલિત**

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય:મે. સી. વાડીલાલની કું., ૫૧/૫૩, નાગદેવી ક્રોસ લેન, ૨જે માળે, મુંબઈ-૩. ફોન : 23429012-13 website : www.patanpanjarapole.org

**પાંજરાપોળની વિવિધ સહાય યોજના**

| | | | |
|---|---|---|---|
| પશુ માટે શેડ | રૂા. ૧,૦૦,૦૦૦ | પશુઓને એક દિવસ લાપસી અને ઘાસચારો | રૂા. ૨૧,૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧,૦૦૦ | પશુઓને એક દિવસ ઘાસચારો | રૂા. ૧૫,૦૦૦ |
| પશુઓને લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧,૦૦૦ | પશુઓને માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧,૦૦૦ |
| આધાર સ્તંભ | રૂા. ૨૧,૦૦૦ | કાયમી ઘાસની તિથિ | રૂા. ૫,૦૦૦ |
| | | પક્ષીઓને કાયમી ચણતિથિ | રૂા. ૨,૦૦૦ |

**લાભાર્થીઓના નામ આરસની તક્તી પર લખાશે.** **લાભાર્થીઓના નામ તિથિને દિવસે બોર્ડ પર લખાશે.**

અભયદાન થકી પરભવમાં સૌભાગ્ય આરોગ્ય, દિર્ઘાયુ અને ઐશ્વર્ય સંપદા મેળવી શકાય છે.

**ગુજરાત સરકારે જાહેરકરેલ ગુજરાત રાજ્યની સર્વશ્રેષ્ઠ પાંજરાપોળ ● આયકર કાયદા ૮૦જી અન્વયે સંસ્થાને આપેલ દાન મજરે મળે છે**

સૌજન્ય : મે. કંચનલાલ વાડીલાલ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

advt

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **Shree Patan Jain Mandal Merit Prize** | | | | | |
| 62 | 11 | **Forum** | Manish Jaymumar Shah | HSC | 76.5 | Goregaon | Khetarpal no Pado |
| | | **Shree Patan Jain Mandal Merit Prize** | | | | | |
| 63 | 12 | **Charmi** | Abhay Navinchandra Shah | HSC | 74.2 | Vileparle | Bhabha no Pado |
| 64 | 13 | **Bindi** | Ketan Nanubhai Shah | HSC | 72.3 | Goregaon | Khetarpal no Pado |
| 65 | 14 | **Rohan** | Manoj Vinodbhai Sandesara | HSC | 68 | Mulund | Chachariya |
| | | **Shri Maneklal Gabhruchand Shah Gujarati Prize** | | | | | |
| | | **Shree Patan Jain Mandal Merit Prize** | | | | | |
| 66 | 15 | **Aesha** | Kalpesh Mahasukhlal Shah<br>Highest Marks in Gujarati (100-80) | HSC | 66.5 | Kandivali | Brahman Vado |
| | | **SCIENCE :** | | | | | |
| | | **Sevantilal Kantilal Trust Prize** | | | | | |
| | | **Smt. Mrudulaben Navinchandra Dawavala Maths Prize** | | | | | |
| | | **Shree Patan Jain Mandal Incentive Prize** | | | | | |
| 67 | 16 | **Darshan** | Nimesh Bharatbhai Shah<br>**Highest in 12th Maths (99)** | HSC | 95.7 | Marine Drive | Keshuseth no Pado |
| | | **Shri Nipun Kapurchand Sonavala Prize** | | | | | |
| | | **Shree Patan Jain Mandal Incentive Prize** | | | | | |
| 68 | 17 | **Chaitya** | Vipul Sanalal Shah<br>**2nd Highest Marks in Std. 12th** | HSC | 93.8 | Gowalia Tank | Jhaveri Vado |
| | | **Shree Patan Jain Mandal Incentive Prize** | | | | | |
| | | **Shri Jivibai Laherchand Kotawala Prize** | | | | | |
| 69 | 18 | **Aditi** | Devang Mukund Nagarseth<br>**3rd Highest Marks in Std. 12th** | HSC | 91.5 | Churchgate | Maniyati Pado |
| | | **Shree Patan Jain Mandal Merit / Incentive Prize** | | | | | |
| 70 | 19 | **Akshay** | Rakesh Chinubhai Shah | HSC | 90.2 | Matunga | Kasumbiya Vado |
| 71 | 20 | **Mittali** | Jimit Kirtikumar Shah | HSC | 86.3 | Vileparle | Keshuseth no Pado |
| 72 | 21 | **Jigar** | Rajesh Amichand Shah | HSC | 86.2 | Prathna Samaj | Chodhari ni Sheri |
| | | **Shri Pravinchandra Chimanlal Kilachand Science Prize** | | | | | |
| | | **Shree Patan Jain Mandal Merit / Incentive Prize** | | | | | |
| 73 | 22 | **Harshil** | Dhiren Pravinbhai Shah<br>**Highest Marks in Science (96.05 % )** | HSC | 86 | Vileparle | Khetarvasi |
| | | **Shree Patan Jain Mandal Merit / Incentive Prize** | | | | | |
| 74 | 23 | **Sneha** | Tushar Suryakant Shah | HSC | 85.5 | Goregaon | Vakhatji ni Sheri |
| 75 | 24 | **Jigar** | Sudhirkumar Rasiklal Jain | HSC | 84.3 | Shirpur | Maniyati Pado |
| 76 | 25 | **Nilay** | Yatinkumar Mahasukhlal Shah | HSC | 84 | Patan | Kanasa no Pado |
| | | **Shree Patan Jain Mandal Merit Prize** | | | | | |
| 77 | 26 | **Prachi** | Mukesh Ashvinlal Shah | HSC | 83.7 | Prathna Samaj | Mallat no Pado |
| 78 | 27 | **Dhruv** | Amitbhai Jayantilal Shah | HSC | 82.2 | Vadodara | Vasavado |
| | | **Shree Patan Jain Mandal Merit Prize** | | | | | |
| 79 | 28 | **Nipur** | Pragnesh Rameshchandra Shah | CBSE | 80.1 | Indore | Mallat no Pado |
| 80 | 29 | **Aashni** | Vikram Ashwinlal Shah | HSC | 75.3 | Prathna Samaj | Mallat no Pado |
| 81 | 30 | **Avi** | Sandip Rameshbhai Shah | HSC | 92.8 | Nana Chock | Katkiya Vado |


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ** ● (જાxખ)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | **I.B. COURSE** | | | | |
| | | **Shree Patan Jain Mandal Merit Prize** | | | | | |
| 82 | 31 | **Shonit** | Tushar Navinchandra Shah | I.B. | - | Vileparle | Jhaveri Vado |
| | | | **B. COM.** | | | | |
| | | **Smt. Bapuben Keshavlal Hemchand Teliavala B. Com. Prize** | | | | | |
| | | **Shri Bhagvatiben Mafatlal Laxmichand Shah(Babubhai) Account Prize** | | | | | |
| | | **Shree Patan Jain Mandal Merit Prize** | | | | | |
| 83 | 1 | **Rikin** | Ketan Hasmukhlal Shah | B.Com. | 87.6 | Goregaon | Khetarvasi |
| | | | **Highest Marks in Account (97.66 %)** | | | | |
| | | **Shree Patan Jain Mandal Merit Prize** | | | | | |
| 84 | 2 | **Deval** | Kamlesh Sevantilal Shah | B.Com. | 82.9 | Marine Drive | Keshuseth no Pado |
